eMAGAZINE
SURAT MUNICIPAL CORPORATION

Issue 149
June 27, 2008

## નોર્થ ઝોન(કતારગામ) ની કામગીરી

નોર્થ ઝોન(કતારગામ) વિસ્તારમાં રસ્તાઓ પરનાં દબાણો સામે દબાણ હટાવ ઝુંબેશ આદરી સીંગણપોર માર્કેટ, વેડરોડ, અખંડઆનંદ કોલેજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ તથા બડાગણેશ વિસ્તારમાં તેમજ ઝોન વિસ્તારમાંથી તા.૧૭/૦૬/૨૦૦૮ના રોજ રાત્રી દરમિયાન તથા તા. ૧૮/૦૬/૨૦૦૮ ના રોજ સવાર કુલ–૬૩ લારી તથા પાથરણા મળી કુલ–૯૨ નંગ જપ્ત કરી અત્રેના ગાયત્રી ડેપોમાં જમા લેવામાં આવેલ છે.

વધુ માટે કલીક કરો >>>>>>

## પશ્ચિમ ઝોન (રાંદેર) ની કામગીરી

સુરત મહાનગરપાલિકાના પશ્ચિમ ઝોન(રાંદેર) માં સઘન દબાણ ઝુંબેશ હાથ ધરવામાં આવેલ છે.જેના ભાગ રૂપે તા.૨૦/૦૬/૨૦૦૮ ના રોજ ટી.પી. સ્કીમ નં. ૧૪ (રાંદેર–અડાજણ) પટેલ પાર્ક થી ન્યુ ઈરા ટેકરાવાલા સ્કુલ સુધીના ૧૦૦ ફુટના ટી.પી. રસ્તા પૈકી ફાયનલ પ્લોટ નં. ૩૦ તથા ફાયનલ પ્લોટ નં. ૩૭ સાંઈકૃપા નગર સોસાયટી પાસે આશરે ૭૧૦૦ ચો.ફુટ રસ્તા પૈકીનું દબાણ દુર કરી ટી.પી. રસ્તો જાહેર જનતા તથા ટ્રાફિકની અવર જવર માટે ખુલ્લો મુકવામાં આવેલ છે.

વધુ માટે કલીક કરો >>>>>>

## કતારગામ ઝોનની કામગીરી

નોર્થ ઝોન (કતારગામ) વિસ્તારમાં આવેલ મોજે છાપરાભાઠાના બ્લોક નં.૧૪૨–મારૂતિ કોમ્પલેક્ષમાં અગાઉ તા.૧૧–૦૪–૨૦૦૮નાં રોજથી ગ્રાઉન્ડ ત્ર ચારમાળની મંજુરી આપવામાં આવેલ, સદરહું મિલ્કતમાં મંજુર થયેલ પ્લાન વિરૂધ્ધનું પાંચમા માળ બનાવવાના ઈરાદે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## પૂર્વ ઝોન (વરાછા)ની કામગીરી

એ) બરોડા પ્રિસ્ટેજ, સવજી કોરાટ બ્રીજ, ન્યુ બોમ્બે માર્કેટ વિસ્તારમાં કરવામાં આવેલ દબાણ ઝુંબુશ.
બી) નાના વરાછા, કરંજ વિસ્તારમાં ડીમોલીશનનછ કાર્યવાહી
સી) રોડ મટિરિયલ હટાવ કાર્યવાહી

વધુ માટે કલીક કરો >>>>>>

## પૂર્વઝોન(વરાછા) માં વિસ્તારમાં આવેલ નાનાવરાછા હળપતીવાસમાં ગેરકાયદેસર બાંધકામનું ડિમોલીશન

સુરત મહાનગરપાલિકાનાં પૂર્વઝોન (વરાછા) ના ડ્રાફટ ટી.પી. સ્કીમ નં. ૩૮ (નાના વરાછા) ફા. પ્લોટ નં. ૭૨/એ, નાના વરાછામાં આવેલ હળપતીવાસની જગ્યા રામકૃષ્ણ ટ્રસ્ટ દ્વારા દાનમાં આપવામાં આવેલ છે. સદર જગ્યાના મુળ માલિકો પાસેથી જગ્યા વેચાણ લઈ બે મિલકતોમાં ગેરકાયદેસર બાંધકામ થતુ હોવાનું ધ્યાને આવતાં પૂર્વઝોન (વરાછા) દ્વારા શ્રી હસમુખભાઈ વાડદોરીયા તથા શ્રીરમેશભાઈ કેશવ રાબડીયાને મનાઈ હુકમ તથા શોકોઝ નોટિશ ઈસ્યુ કરી ગેરકાયદેસર બાંધકામ દુર કરવાનું શરૂ કરવામાં આવેલ.

વધુ માટે કલીક કરો >>>>>>

## મચ્છરનો ફેલાવો અટકાવવા માટે લેવાયેલ પગલાં

હાલમાં ચોમાસાની ઋતુ હોય વેસ્ટઝોનના વેકટર બોર્ન ડીસીઝ કંટ્રોલ ડિપાર્ટમેન્ટમાં મચ્છરની ઉત્પતિ સ્થાનો અટકાવવા માટે સઘન ઝુંબુશ કરવામાં આવે છે. જે ઝુંબેશ ના ઉપક્રમે ઝોનના તમામ બાંધકામનો સર્વે કરવામાં આવેલ અને જે બાંધકામોમાં મચ્છરની ઉત્પતિ જોવા મળેલ હોય ત્યાં વહીવટી ખર્ચ વસુલ કરવામાં આવે છે.

વધુ માટે કલીક કરો >>>>>>

## સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત) માં નં. ૧૯/૦૬/૨૦૦૮ના રોજ બાળ મેળો તેમજ મેડીકલ નિદાન કેમ્પનું કરેલ આયોજન બાબત

તા. ૧૯/૦૬/૨૦૦૮ ના રોજ સાઉથ ઈસ્ટ ઝોનમાં ગોડાદરા ખાતે આવેલ આદર્શ પ્રાથમિક વિદ્યાલય માં બાળમેળો તેમજ મેડીકલ નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવેલ હતું જેમાં સ્ત્રી રોગ નિષ્ણાંત ડાૅ.જયંતિભાઈ પટેલ તથા બાળરોગ નિષ્ણાંત ડાૅ. શ્રી પ્રદિપ એચ. લિંબોચીયા તેમજ સાઉથ ઈસ્ટ ઝોનના ડાૅ. શ્રી સંજયભાઈ સીંદુરિયા તથા ડાૅ. નદુલતા પાવાઢીએ બાળકો અને ગર્ભવતી મહિલાઓને મફત નિદાન કરી સારવાર આપી હતી. જેમાં કુલ –૧૩૧ દર્દીઓએ લાભ લીધેલ હતો.

વધુ માટે કલીક કરો >>>>>>

## મહેંદી સ્પર્ધા અને ગોરમા ગીત સ્પધા

સુરત મહાનગરપાલિકા દ્વારા અસુણાવ્રત નિમિત્તે તા. ૧૫,૧૬અને ૧૮ જુલાઈ ૨૦૦૮ના રોજ મહેંદી સ્પર્ધા અને ગોરમા ગીત સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ છે. આ સ્પર્ધામાં સુરત શહેરની પ્રથમિક / માધ્યમિક શાળાની વિદ્યાર્થીનીઓ તથા ખુલ્લા વિભાગમાં શહેર વિસ્તારમાં રહેતી યુવતીઓ તેમજ મહિલાઓ ...

વધુ માટે કલીક કરો >>>>>>

## પૂર્વઝોન (વરાછા)માં વિસ્તારમાં આવેલ ટી.પી. ૩ (કરંજ)માં ગેરકાયદેસર બાંધકામનું ડીમોલીશન

સુરત મહાનગરપાલિકાનાં પૂર્વઝોન (વરાછા) ટી.પી.સ્કીમ નં.૪ (કરંજ) ફા.પ્લોટ નં.૪૧ લક્ષ્મીનગર સોસાયટી વાડીની કોમન જગ્યામાં સોસાયટી તરફથી લગ્નની વાડી બનાવવાનું અનઅધિકૃત ગ્રાઉન્ડ ફલોર તથા ૧ માળનું બાંધકામ તોડવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી.

વધુ માટે કલીક કરો >>>>>>

## નોર્થ ઝોન(કતારગામ) ની કામગીરી

નોર્થ ઝોન(કતારગામ) વિસ્તારમાં રસ્તાઓ પરનાં દબાણો સામે દબાણ હટાવ ઝુંબેશ આદરી સીંગણપોર માર્કેટ, વેડરોડ, અખંડઆનંદ કોલેજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ તથા બડાગણેશ વિસ્તારમાં તેમજ ઝોન વિસ્તારમાંથી તા.૧૭/૦૬/૨૦૦૮ના રોજ રાત્રી દરમિયાન તથા તા. ૧૮/૦૬/૨૦૦૮ ના રોજ સવાર કુલ–૬૩ લારી તથા પાથરણા મળી કુલ–૯૨ નંગ જપ્ત કરી અત્રેના ગાયત્રી ડેપોમાં જમા લેવામાં આવેલ છે.

તેમજ ઝોનના આરોગ્ય વિભાગ તરફથી તા.૧૮/૦૬/૨૦૦૮ ના રોજ જુદા જુદા વિસ્તારમાંથી ગંદકી અંગે રૂા. ૧૧૬૦૫–૦૦ દંડ રૂપે વહીવટી ચાર્જ વસુલ કરવામાં આવેલ છે.

TOP

## પશ્ચિમ ઝોન (રાંદેર) ની કામગીરી

સુરત મહાનગરપાલિકાના પશ્ચિમ ઝોન(રાંદેર) માં સઘન દબાણ ઝુંબેશ હાથ ધરવામાં આવેલ છે.જેના ભાગ રૂપે તા.૨૦/૦૬/૨૦૦૮ ના રોજ ટી.પી. સ્કીમ નં. ૧૪ (રાંદેર–અડાજણ) પટેલ પાર્ક થી ન્યુ ઈરા ટેકરાવાલા સ્કુલ સુધીના ૧૦૦ ફુટના ટી.પી. રસ્તા પૈકી ફાયનલ પ્લોટ નં. ૩૦ તથા ફાયનલ પ્લોટ નં. ૩૭ સાંઈકૃપા નગર સોસાયટી પાસે આશરે ૭૧૦૦ ચો.ફુટ રસ્તા પૈકીનું દબાણ દુર કરી ટી.પી. રસ્તો જાહેર જનતા તથા ટ્રાફિકની અવર જવર માટે ખુલ્લો મુકવામાં આવેલ છે. આ રસ્તા પૈકીનું દબાણ દુર થતાં ટ્રાફિક જામની વર્ષો જુની સમસ્યા હલ થવા પામેલ છે.

ઉકત દબાણ દુર કરવાની કામગીરી મા.ઝોનલ ચીફશ્રીની સૂચનાથી તથા કાર્યપાલક ઈજનેરશ્રીના સીધા માર્ગદર્શન હેઠળ પોલીસ વિભાગ તથા પશ્ચિમ ઝોન(રાંદેર) ના શહેર વિકાસ/દબાણ વિભાગના સ્ટાફ દ્વારા કરવામાં આવેલ છે.

TOP

## કતારગામ ઝોનની કામગીરી

નોર્થ ઝોન (કતારગામ) વિસ્તારમાં આવેલ મોજે છાપરાભાઠાના બ્લોક નં.૧૪૨–મારૂતિ કોમ્પલેક્ષમાં અગાઉ તા.૧૧–૦૪–૨૦૦૮નાં રોજથી ગ્રાઉન્ડ ત્ર ચારમાળની મંજુરી આપવામાં આવેલ, સદરહું મિલ્કતમાં મંજુર થયેલ પ્લાન વિરૂધ્ધનું પાંચમા માળ બનાવવાના ઈરાદે મિલ્કતદારશ્રી શ્રીવલ્લભભાઈ લુવાણીએ આર.સી.સી. કોલમો ઉભા કરી સ્લેબનું સેન્ટરીંગ સહિતનું બાંધકામ શરૂ કરેલ જે બાંધકામ અંગે તા.૦૯–૦૬–૨૦૦૮ના રોજ નોટીસો આપી બાંધકામ અટકાવેલ સદરહું બાંધકામ ગેરકાયદેસર હોય જેની મંજુરી મળી શકે તેમ ન હોય તે બાંધકામનું પાંચમાં મળે કરવામાં આવેલ આશરે ૧૬૦૦ ચો. ફુટનું સેન્ટરીંગ દુર કરાવી આર.સી.સી.ના કોલમો આજ રોજ તોડવામાં આવેલ છે.

TOP

## પૂર્વ ઝોન (વરાછા)ની કામગીરી

**એ)** બરોડા પ્રિસ્ટેજ, સવજી કોરાટ બ્રીજ, ન્યુ બોમ્બે માર્કેટ વિસ્તારમાં કરવામાં આવેલ દબાણ ઝુંબુશ.

તા.૨૦/૦૬/૨૦૦૮નાં રોજ આયોજીત કરવામાં આવેલ દબાણ અભિયાન અંર્ગત બરોડા પ્રિસ્ટેજ, સવજી કોરાટ બ્રીજ તેમજ ન્યુ બોમ્બે માર્કેટ સર્કલ પાસેનાં દબાણયુકત વિસ્તારોને આવરી લઈ દબાણ દુર કરવામાં આવેલ અને તે વિસ્તારો/રસ્તાઓને ખુલ્લા કરવામાં આવ્યા હતા. આયોજીત દબાણ હટાવ ઝુંબેશ બપોર પછી ૪ વાગ્યાથી શરૂ કરી મોડી રાત્રિ સુધી ચાલુ રાખવામાં આવેલ. આ ઝુંબેશ અંતગર્ત કુલ ૭૩ (તોંતેર) લારીઓ અને ૨૫ (પચ્ચીસ) શાકભાજી, પરચુરણ સામાન વિગેરે નાં પાથરણાઓ જપ્ત કરવામાં આવ્યા હતા. આ સમગ્ર ઝુંબેશ પૂર્વઝોન(વરાછા) દબાણખાતા, શહેરી વિકાસ ખાતાનાં સ્ટાફ, રાંદેર ઝોન, કતારગામ ઝોનનાં દબાણ ખાતાનાં સ્ટાફ, સિકયોરીટી સ્ટાફનાં સહયોગથી સંપન્ન થઈ હતી.

**બી)** નાના વરાછા, કરંજ વિસ્તારમાં ડીમોલીશનનછ કાર્યવાહી

વધુમાં  નાના વરાછા વિસ્તારમાં ટી.પી. સ્કીમ નં. ૨૦ (નાના વરાછા), ફા. પ્લોટ નં. ૧૨૦ (ઝોન ઓફિસ માટે અનામત ) માં આશરે ૧૫'.૦ × ૧૦'.૦ નાં માપ વિસ્તારમાં ચણતરનું બાંધકામ કરવામાં આવતા તેને દુર કરવામાં આવયું હતું. તેમજ કરંજ  વિસ્તારમાં ટી.પી.સ્કીમ નં.૩ (કરંજ) માં આવેલ લક્ષ્મી નગર સોસાયટીમાં આવેલ વરૂણ કોમ્પ્લેક્ષ નાં પેરાપેટની દિવાલો માં ભયજનક તિરાડો ઉપસ્થિત થતાં ગમે તે સમયે પડી જાય તેવી સ્થિતિ ઉત્પન્ન થઈ હોઈ તાકીદનાં ઘોરણે અત્રેનાં શહેર વિકાસ ખાતાનાં સ્ટાફ દ્વારા દૂર કરવામાં આવી હતી અને વરૂણ કોમ્પ્લેક્ષનાં પ્રમુખશ્રી દેવચંદભાઈ મોહનલાલ પટેલ પાસેથી રૂા. ૫,૦૦૦/– ડીમોલીશન ચાર્જ તેમજ રૂા. ૪૫,૦૦૦/– સિકયોરીટી  ડિપોઝીટ પેટે જમા લઈ મિલકતનાં બાકી રહેલ ભયજનક ભાગો ને દિન–૭ (સાત) માં દૂર કરાવી, રિપેરીંગ કરાવી માન્ય સ્ટ્રકચરલ ઈજનેરનું પ્રમાણપત્ર રજુ કરવા બાબતની લેખિત બાંહેધરી લેવામાં આવી હતી. અગાઉ આ એપાર્ટમેન્ટનાં કબજેદારોને ઘી.બી.પી.એમ.સી. એકટની જોગવાઈ અનુસારની નોટિસ પાઠવવામાં આવેલ, પરંતુ કબજેદારોએ અમલ ન કરતા આ પ્રકારની પરિસ્થિતિ ઉત્પન્ન થઈ હતી.

**સી)** રોડ મટિરિયલ હટાવ કાર્યવાહી

નાના વરાછા વિસ્તારમાં ગંગા –જમના સોસાયટી પાસેથી પસાર થતાં કેનાલ–રોડ પર પડેલ રેતી ૨(બે) ગાડી ભરીને જપ્ત કરવામાં આવી હતી.

TOP

## પૂર્વઝોન(વરાછા) માં વિસ્તારમાં આવેલ નાનાવરાછા હળપતીવાસમાં ગેરકાયદેસર બાંધકામનું ડિમોલીશન

સુરત મહાનગરપાલિકાનાં પૂર્વઝોન (વરાછા) ના ડ્રાફટ ટી.પી. સ્કીમ નં. ૩૮ (નાના વરાછા) ફા. પ્લોટ નં. ૭૨/એ, નાના વરાછામાં આવેલ હળપતીવાસની જગ્યા રામકૃષ્ણ ટ્રસ્ટ દ્વારા દાનમાં આપવામાં આવેલ છે. સદર જગ્યાના મુળ માલિકો પાસેથી જગ્યા વેચાણ લઈ બે મિલકતોમાં ગેરકાયદેસર બાંધકામ થતુ હોવાનું ધ્યાને આવતાં પૂર્વઝોન (વરાછા) દ્વારા શ્રી હસમુખભાઈ વાડદોરીયા તથા શ્રીરમેશભાઈ કેશવ રાબડીયાને મનાઈ હુકમ તથા શોકોઝ નોટિશ ઈસ્યુ કરી ગેરકાયદેસર બાંધકામ દુર કરવાનું શરૂ કરવામાં આવેલ. જેમાં શ્રી હસમુખભાઈ વાડદોરીયા દ્વારા આશરે ૨૬' × ૪૧' માપ વિસ્તારમાં કરવામાં આવેલ ભોંયતળીયા વત્તા એક માળનું બાંધકામમાં પ્રથમ માળનો સ્લેબ તોડવાનું પૂર્ણતાને આરે હતું. ત્યારે તથા શ્રી રમેશભાઈ કેશવભાઈ રાબડીયા દ્વારા આશરે ૧૮' × ૪૬' માપ વિસ્તારમાં કરવામાં આવેલ ભોંયતળિયા વત્તા બે માળનાં બાંધકામમાં બીજા માળનો સ્લેબ તથા ચણતરનું બાંધકામ દુર કરવામાં આવેલ જે દરમ્યાન ઉપરોકત વ્યકિતઓ દ્વારા ગેરકાયદેસર બાંધકામ જાતે દુર કરવાની લેખિત બાંહેધરી રજુ કરવામાં આવેલ છે. તથા ઉકત વ્યકિતઓ પાસેથી રૂા. ૧૨,૫૦૦/– તથા ૧૦,૦૦૦/– મળી કુલ રૂા. ૨૨,૫૦૦/– ડીમોલીશન ચાર્જ પેટે જમા લેવામાં આવેલ છે.

ઉપરોકત ડીમોલીશનની કાર્યવાહી અત્રેના દબાણખાતાના સ્ટાફ, પૂર્વઝોન (વરાછા) ના શહેર વિકાસ ખાતાના સ્ટાફ દ્વારા સફળ રીતે પાર પાડવામાં આવેલ છે.

TOP

## મચ્છરનો ફેલાવો અટકાવવા માટે લેવાયેલ પગલાં

હાલમાં ચોમાસાની ઋતુ હોય વેસ્ટઝોનના વેકટર બોર્ન ડીસીઝ કંટ્રોલ ડિપાર્ટમેન્ટમાં મચ્છરની ઉત્પતિ સ્થાનો અટકાવવા માટે સઘન ઝુંબુશ કરવામાં આવે છે. જે ઝુંબેશ ના ઉપક્રમે ઝોનના તમામ બાંધકામનો સર્વે કરવામાં આવેલ અને જે બાંધકામોમાં મચ્છરની ઉત્પતિ જોવા મળેલ હોય ત્યાં વહીવટી ખર્ચ વસુલ કરવામાં આવે છે.

સદર ઝુબેશના ઉપક્રમે અડાજણગામ, આનંદ મહલ રોડ, પાલનપુર વિસ્તારના અભિનંદન એપાર્ટ.તાપી વ્યુ.ભુલા પાર્ક, રીલાયન્સ, ગ્રીન આર્કેડ વગેરે બાંધકામોમાં પાણી ભરાવો અને મચ્છરની ઉત્પતિ જોવા મળેલ આથી કુલ રૂા. ૪૨,૪૦૦/– વહીવટી ખર્ચ વસુલ કરવામાં આવ્યો. કુલ ૨૫ નોટિસ આપવામાં આવી તથા તમામ બાંધકામોમાં મચ્છરની ઉત્પતિ ન થાય તેને માટે કાળજી રાખવા સુચના આપવામાં આવી.

TOP

## સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત) માં નં. ૧૯/૦૬/૨૦૦૮ના રોજ બાળ મેળો તેમજ મેડીકલ નિદાન કેમ્પનું કરેલ આયોજન બાબત

તા. ૧૯/૦૬/૨૦૦૮ ના રોજ સાઉથ ઈસ્ટ ઝોનમાં ગોડાદરા ખાતે આવેલ આદર્શ પ્રાથમિક વિદ્યાલય માં બાળમેળો તેમજ મેડીકલ નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવેલ હતું જેમાં સ્ત્રી રોગ નિષ્ણાંત ડૉ.જયંતિભાઈ પટેલ તથા બાળરોગ નિષ્ણાંત ડૉ. શ્રી પ્રદિપ એચ. લિંબોચીયા તેમજ સાઉથ ઈસ્ટ ઝોનના ડૉ. શ્રી સંજયભાઈ સીંદુરિયા તથા ડૉ. નદુલતા પાવાઢીએ બાળકો અને ગર્ભવતી મહિલાઓને મફત નિદાન કરી સારવાર આપી હતી. જેમાં કુલ –૧૩૧ દર્દીઓએ લાભ લીધેલ હતો.

બાળમેળામાં વિવિધ રસીઓ આપવાનું પણ આયોજન કરવામાં આવ્યું હતું તથા વી.બી.ડી.સી. વિભાગ દ્વારા લોહીના નમુનાની તપાસ માટે ૧૬ વેટલી સ્લાઈડ તૈયાર કરવામાં આવી. તથા મચ્છર જન્ય રોગો અંગે અને હેલ્થ એન્ડ હાઈજીન અવરનેશ માટે આરોગ્ય વિભાગના મુખ્ય આરોગ્ય નિરીક્ષક શ્રી એ.એમ.પટેલ તથા આસી. જંતુનાશક અધિકારી શ્રી પવારે જાહેર જનતાને માર્ગ દર્શન પુરુ પાડયું હતું આ કાર્યક્રમમાં માજી પંચાયત સભ્યશ્રી તથા સામાજીક કાર્યકરશ્રીઓ તેમજ કોર્પોરેટરશ્રીઓ હાજર રહયા હતા. બાળ મેળો સવારે ૯–૦૦ કલાકે શરૂ કરી ૧–૦૦ કલાક સુધી નિદાનની કામગીરી ચાલુ રાખવામાં આવી હતી. બાળમેળાનું આયોજન સાઉથ ઈસ્ટ લિંબાયતઝોનના નાયબ આરોગ્ય અધિકારીશ્રી ડૉ. કે.કે નિગમે કર્યું હતું.

TOP

## મહેંદી સ્પર્ધા અને ગોરમા ગીત સ્પધા

સુરત મહાનગરપાલિકા દ્વારા અસુણાવ્રત નિમિત્તે તા. ૧૫,૧૬અને ૧૮ જુલાઈ ૨૦૦૮ના રોજ મહેંદી સ્પર્ધા અને ગોરમા ગીત સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ છે. આ સ્પર્ધામાં સુરત શહેરની પ્રથમિક / માધ્યમિક શાળાની વિદ્યાર્થીનીઓ તથા ખુલ્લા વિભાગમાં શહેર વિસ્તારમાં રહેતી યુવતીઓ તેમજ મહિલાઓ ભાગ લઈ શકશે. સ્પર્ધકે ઉંમરના પુરાવા તરીકે જન્મનો દાખલો, સ્કૂલ લીવીંગ સર્ટી. અથવા અન્ય પુરાવાની સર્ટીફાઈડ કોપી રજુ કરવાની રહેશે, સ્પર્ધામાં ભાગ માટેના પ્રવેશ ફોર્મ સુરત મહાનગરપાલિકાના સાંસ્કૃતિક વિભાગ, કાશ્મીરા બિલ્ડીંગ, મુગ્લીસરા, સુરત ખાતેથી ઓફિસ સમય દરમ્યાન મેળવી, ભરેલા પ્રવેશપત્રો તા. ૦૯/૦૭/૨૦૦૮ સુધીમાં પરત કરવાના રહેશે.

TOP

## પૂર્વઝોન (વરાછા)માં વિસ્તારમાં આવેલ ટી.પી. ૩ (કરંજ)માં ગેરકાયદેસર બાંધકામનું ડીમોલીશન

સુરત મહાનગરપાલિકાનાં પૂર્વઝોન (વરાછા) ટી.પી.સ્કીમ નં.૪ (કરંજ) ફા.પ્લોટ નં.૪૧ લક્ષ્મીનગર સોસાયટી વાડીની કોમન જગ્યામાં સોસાયટી તરફથી લગ્નની વાડી બનાવવાનું અનઅધિકૃત ગ્રાઉન્ડ ફ્લોર તથા ૧ માળનું બાંધકામ તોડવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. આ કોમન પ્લોટની લાગુમાં આવેલી સુરત મહાનગરપાલિકાની પ્રાથમિક શાળાની કંપાઉન્ડ વોલ પર આર.સી.સી.ના કોલમ,બીમ,સ્લેબ લઈ ગેરકાયદેસર રીતે કરેલું અંદાજે ૫૦,૦૦ મીટર લંબાઈનું અને ૩.૦૦ મીટર પહોળાઈનું બાંધકામ દૂર કરવામાં આવેલ હતું તથા રૂા.૫,૦૦૦/– ડીમોલીશન ચાર્જ પેટે વસુલ કરવામાં આવેલ છે તથા બાકીનું અનઅધિકૃત બાંધકામ દુર કરવાની મૌખિક બાંહેધરી મેળવ્યા બાદ ડીમોલીશનની કાર્યવાહી અટકાવવામાં આવેલ.

નાન વરાછા વિસ્તારમાં આવેલ જીવરાજ ધારૂકાવાળા કોલેજ પાછળ નદીના પટમાં આત્માનંદન સરસ્વતી ફાર્મસી પાછળ ના ભાગે ગેરકાયદેસર તાણી બાંધેલ ૨૪ જેટલાં ઝુંપડાનું દબાણ પણ દુર કરવામાં આવેલ છે.

TOP